# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-06-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : માળખાગત સુવિધાઓમાં ક્રાંતિને 11 વર્ષ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આધુનિક માળખાગત સુવિધાઓ માટે ભારતનાં પ્રયાસ ટકાઉપણું અને લાંબા ગાળાની દ્રષ્ટિથી પ્રેરિત છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, તે આત્મનિર્ભર ભારતનો પાયો નાંખી રહ્યું છે.**

**પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, માળખાગત સુવિધાઓમાં ક્રાંતિને 11 વર્ષ થયાં છે. આ સમયગાળા દરમિયાન ઉત્તમ માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેનાથી ભારતના વિકાસને વેગ મળ્યો છે. તેમણે કહ્યું કે, ભારતીય રેલવેથી માંડીને ધોરીમાર્ગો અને બંદરોથી માંડીને હવાઇમથકો સુધી ઝડપથી વિસ્તરી રહેલી માળખાગત સુવિધાઓ લોકોનાં જીવનને સરળ બનાવી રહ્યું છે અને સમૃદ્ધિમાં વધારો કરી રહ્યું છે.**

**--------------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી : યોગ શિબિર

**અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિર યોજાઈ. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી આ યોગ શિબિરમાં 15 હજારથી વધુ શહેરીજનો સહભાગી થયા.**

**--------------------------------------------------------------------------------------------**

## કોરોના : કચ્છ

કચ્છમાં ધીરે-ધીરે કોરોના સંક્રમણનો વ્યાપ વિસ્તરી રહ્યો છે. ગઈકાલે કચ્છમાં કોરોનાના પાંચ કેસ નોંધાયા હતા અને આજે એક સામટા કોરોનાના **9** કેસ પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગમાંથી મળેલી સત્તાવાર માહિતી અનુસાર ભુજમાં **4,** અંજારમાં **2,** ગાંધીધામમાં **2** અને અબડાસામાં એક કોરોનાનો કેસ નોંધાયો છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા **29** ઉપર પહોંચી છે. કોરોના સંક્રમિત તમામ દર્દીઓ અત્યારે હોમ આઇસોલેશનમાં છે. પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ રાજ્ય સરકારે કચ્છમાં કોરોના પરીક્ષણ માટે વધારાની ૫**000** કિટ ફાળવી છે, તો આગામી સમયમાં **20,000** કિટ ફાળવવા માટેની દરખાસ્ત પણ રાજ્ય સ્તરે કરવામાં આવનારી છે.

---------------------------------------------------------------------------------------

## રાતા તળાવ : પાંજરાપોળ

અબડાસા તાલુકાના સેવા ધામ રાતા તળાવ ખાતે આધુનિક પાંજરાપોળ બનાવવા માટેના પ્રયાણમાં પ્રથમ ચરણ પૂર્ણ થયું છે. વાલરામજી પાંજરાપોળના પ્રાંગણમાં **25000** ચોરસ ફૂટમાં તૈયાર થનારી પશુ હોસ્પિટલનું પ્લીંથ સુધીનું કાર્ય પૂર્ણ થયું હતું. આઈ આશાપુરા માતાજીની મૂર્તિ સ્થાપન માટે વિશેષ સ્થાનનું પણ પ્લીંથ લેવલ સુધીનું કામ પૂર્ણ થઈ ગયેલું છે. સાથે-સાથે પાંજરાપોળના તમામ ગૌવંશ માટે હાઇટેક પદ્ધતિથી સંચાલન થાય તેવા શેડ બનાવવા માટે દાતાની નેમ સાથે કરોડોના ખર્ચે તૈયાર થનારા પાંજરાપોળના શેડ, પશુ હોસ્પિટલ, મુખ્ય મંદિર સંકુલ, અતિથિ ભવન, સુશોભન તળાવના કાર્યથી આ સેવાધામ હવે અબડાસાનું પ્રવાસન ધામ પણ બનશે.

---------------------------------------------------------------------------------------

## પશુપાલન શિબિર

અબડાસા તાલુકાના લાખાણિયા વામે વિશ્વ પર્યાવરણ દિને વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત વીઆરટીઆઇના સહયોગથી પશુ ચિકત્સા અને પશુપાલન મહાવિદ્યાલય કામધેનુ યુનિવર્સિટી, પશુ વિજ્ઞાન કેન્દ્ર, મુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા કૃમિનાશક કેમ્પ અને પશુપાલન શિબિરમાં **100**થી વધુ પશુપાલક જોડાયા હતા. શિબિરમાં

**પશુપાલકોને ચોમાસામાં પશુઓની સારસંભાળ, રોગ નિયંત્રણ અને અટકાવ જેવા વિષયો પર તાલીમ અપાઇ હતી. આ પ્રસંગે 1 હજાર 932 ઘેટા બકરાને કૃમિનાશક દવા પીવડાવાઇ હતી.**

**-------------------------------------------------------------------------------------------**

## સાંસદ કચ્છ કાર્નિવલ

**આગામી 27 જૂને કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજની ઉજવણી નીમિત્તે ભુજ ખાતે હમીરસર તળવાર કિનારા ઉપર પહેલીવાર સાંસદ કચ્છ કાર્નિવલની ઉજવણી કરાશે. આ કાર્યક્રમને લઇને સાંસદ વિનોદ ચાવડા અને તેમની ટીમ દ્વારા રજીસ્ટ્રેશન સહિતની કામગીરી પણ આરંભી દેવાઇ છે. અત્યાર સુધીમાં જિલ્લામાંથી કુલ 8 એન્ટ્રીઓ નોધાઇ છે. કાર્નિવલમાં કુલ 50 જેટલા ગ્રુપોનો સમાવેશ કરવામાં આવશે. કાર્નિવલનો ખેંગારબાગ પાસેથી પ્રારંભ કરવામાં આવશે અને હોટલ લેકવ્યુ પાસે થઇને ઉમેદનગર સુધી રૂટ પર વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે. આગામી 15 જૂન સુધી ભાગ લેનાર ગ્રુપ ફોર્મ ભરી શકશે.**

**-------------------------------------------------------------------------------------------**

## ખરીફ પાક

**ખેડૂતો દ્વારા ખરીફ પાકના વાવેતરના શ્રીગણેશ કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં 2 હજાર 535 હેકટરમાં ખરીફ પાકનું વાવેતર કરાયૂ છે જેમાં સૌથી વધુ કપાસનું 2 હજાર 185 હેકટરમાં વાવેતર કરાયું છે. સામાન્ય રીતે અષાઢી બીજે ખેડૂતો દ્વારા હળનું પૂજન કરીને વાવેતરની શરૂઆત કરવામાં આવતી હોય છે પરંતુ આ વખતે ખાસ કરીને પિયત ધરાવતા ખેડૂતો દ્વારા અત્યારથ જ પોતાન ખેતરમાં વાવેતર શરૂ કરી દીધું છે. આગામી દિવસોમાં ક્રમશઃ વાવેતરમાં વધારો થતો જોવા મળશે.**

**-------------------------------------------------------------------------------------------**

## ગાંધીધામ : રાશનકાર્ડ : ઇ-કેવાયસી

ગાંધીધામ શહેર અને તાલુકાના **1** લાખ **08,285** રાશનકાર્ડ ધારકો પૈકી **80** ટકાનું ઇ-કેવાયસીનું કામ પુર્ણ થયું છે, હજી **20** ટકા કાર્ડ ધારકોનું ઇ-કેવાયસી કરવાનું બાકી છે. જો સમયસર ઈ-કેવાયસી નથી કરાવ્યું, તો તમારું રેશન કાર્ડ નિષ્ક્રિય થઇ શકે છે તેમ જણાવી ગાંધીધામ મામલતદાર દ્વારા અમે બાકી રહેલા રાશનકાર્ડ ધારકોને અગવડતા ન થાય તે હેતુથી અલગ કાઉન્ટર શરુ કર્યું છે તેમ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------